


ગેર્નેત
ચાંદનીની
વાર્તા





એક હતો ડૉક્ટર. એ ખૂબ ઘરડો હતો. એની નજર કમજોર પડી ગઈ હતી એટલે એને ચશ્માં પહેરવાં પડતાં.

એણે એક બિલાડીનું બચ્ચું પાળ્યું હતું. બચ્ચું સાવ નાનું અને જન્મથી જ આખેઆખું તદ્દન કાળું હતું.

ડૉક્ટર સવારથી સાંજ સુધી નાનાંમોટાં દરદીઓને દવા આપે અને બિલાડીનું બચ્ચું માખીઓ ને પંખીડાંની પાછળ દોડાદોડી કરતું રહે.



એક વાર રાતે ડૉક્ટર બેઠો બેઠો છાપું વાંચતો હતો. ટેબલ ઉપર ગોઠવેલી વીજળીની બત્તીમાંથી છાપા પર રોશની પડતી હતી. બાકી બધે અંધારું છવાયેલું હતું.

બિલાડીનું બચ્ચું ભોંય પર બેઠું બેઠું પોતાની જ પૂંછડી પકડવાની રમત રમતું હતું, કારણ કે ઓરડામાં નહોતી માખીઓ કે નહોતાં પંખીડાં. એને બત્તીની જરૂર નહોતી કેમ કે નાનાં ને મોટાં તમામ બિલાડાં અંધારામાં જોઈ શકે.

ડૉક્ટરને તાજી હવા ખૂબ ગમે એટલે એણે બારી ઉઘાડી રાખેલી. અચાનક બારીમાંથી હવાની લહેર આવી અને છાપું હલી ઊઠયું. બચ્ચું એકદમ ઠેકડો મારતું ટૅબલ ઉપર ચડી ગયું અને છાપાને પંજા મારવા લાગ્યું. એને થયું હશે કે છાપા નીચે જરૂર ઊંદર છુપાયેલો હોવો જોઈએ. બચ્ચાની ધમાલમાં બત્તીને હડસેલો લાગી ગયો. બત્તી નીચે પડી ગઈ, ગોળો ફૂટી ગયો, અને અંધારું થઈ ગયું.

"શું થયું?" ડૉક્ટર બોલી ઊઠયો.

બચ્ચું તો પોતાના તોફાનનું પરિણામ જોઈને ગભરાઈ ગયું અને બારી વાટે ભાગી ગયું.







અને પહાડ ઉપર ચાંદો બેઠો હતો. રોજ સવારે ચાંદો ત્યાંથી જ ઊગતો. ચાંદાની બાજુમાં પાટિયું લગાવેલું હતું:

"ચાંદો બરાબર સાત વાગ્યે ઊગશે.
બહારના કોઈને અહીં આવવાની મનાઈ છે."

બિલાડીનું બચ્ચું તો બહારનું હતું એટલે એને ચાંદા નજીક જવાની મનાઈ હતી. પણ તોયે એ તો પહોંચી ગયું, કારણ કે એને વાંચતાં નહોતું આવડતું. ઠેકડો મારીને એ




ચાંદાની ઉપર ચડી ગયું અને આરામથી બેસી ગયું. બચ્ચાને મઝા પડી એટલે એ કેટલીય વાર સુધી ચાંદાની ઉપર બેઠું રહ્યું. આખરે એને ઘર યાદ આવ્યું એટલે એ ગમગીન બની ગયું. એને ડૉક્ટર પાસે જવાનું, બત્તીની રોશની જોવાનું, અને સગડીનો ગરમાવો માણવાનું મન થયું.

બચ્ચું નીચે ઠેકડો મારવાને ઈરાદે સરકતું સરકતું ચાંદાની કોર પર આવ્યું.

પણ એને ઠેકડો મારવાની હિંમત થઈ નહિ. પહાડ તો આઘે આઘે ખૂબ નીચે હતો અને ટચૂકડો દેખાતો હતો.


બિલાડીનું બચ્ચું ચાંદા ઉપર બેઠું બેઠું ગમગીન દિલે ઘર યાદ કરી રહ્યું હતું ત્યારે





ચાંદો ઊગીને આકાશમાં રવાના થઈ ગયેલો. અને આકાશમાં ખૂબ ઉપર ચડીએ ત્યારે નીચે બધું સાવ નાનું દેખાય. બિલાડીના બચ્ચાને નાનકડા પહાડો, નાનકડી નદીઓ, અને નાનકડા સાગરો નજરે પડયા, કારણ કે એ અંધારામાં જોઈ શકતું હતું. પણ એટલી ઊંચાઈએથી ઠેકડો મારતાં બચ્ચાને બીક લાગી એટલે એ તો છાનુંમાનું ચાંદાની કોર પર બેઠું રહ્યું.


ચાંદો ખેતરો ઉપરથી પસાર થઈ રહ્યો હતો અને ખેતરો કામળા જેવાં ઘેરાં લાગતાં હતાં. ચાંદો સાગરો ઉપરથી પસાર થઈ રહ્યો હતો અને સાગરનું પાણી કાળું દેખાતું હતું. ચાંદો શહેરો ઉપરથી પસાર થાય ત્યારે બિલાડીના બચ્ચાને ઝગમગતી બત્તીઓ





નજરે પડતી. ચોમેર અંધારઘેરી રાત ફેલાયેલી હતી. પરંતુ ચાંદા ઉપર અજવાળું હતું, કારણ કે ત્યાં ખૂબ ચાંદની હતી. પછી બચ્ચાને નીંદર આવવા લાગી એટલે એણે આંખો મીચી દીધી.

બચ્ચું કેટલીય વાર સુધી નીંદરમાં પડયું રહ્યું. ચાંદાએ આખી પૃથ્વી ફરતું ચક્કર લગાવી લીધું પણ એને તો ખબરેય ન પડી. પછી ચાંદો સડસડાટ પહાડની ટોચ ઉપર ઊતર્યો ત્યારે આંચકો લાગતાં બચ્ચું સફાળું જાગી ગયું અને ચાંદા ઉપરથી પહાડ





પર પડી ગયું. એ તો પહેલાંનો જ પહાડ હતો . બચ્ચાની સફર ત્યાંથી જ શરૂ થઈ હતી. એ પહાડ ઉપરથી દોડતું નીચે જવા લાગ્યું અને ખેતર, ચક્કી, તથા બગીચો પાર કરતું ઘર સુધી પહોંચી ગયું. એ માર્ગમાં ક્યાંય થંભી જ ન શક્યું. એમ જ દોડતું દોડતું એ ઘરની અંદર દાખલ થઈ ગયું કેમ કે બારણું ખુલ્લું હતું.

ઓરડામાં ડૉક્ટર ટૅબલ પાસે બેઠો હતો. પણ એ છાપું નહોતો વાંચતો, કારણ કે બત્તી તો ફૂટી ગઈ હતી અને ડૉક્ટર અંધારામાં વાંચી નહોતો શકતો.

બિલાડીના બચ્ચાને જોઈને ડૉક્ટર બોલી ઊઠયો: "આ શું?" ઓરડામાં અજવાળું થઈ ગયું હતું.

અજવાળું બચ્ચાની રુવાંટીમાંથી ફેલાઈ રહ્યું હતું.

અચાનક બારીમાંથી હવાની લહેર આવી અને છાપું હલી ઊઠયું. બચ્ચું ટૅબલ ઉપર અને છાપા ઉપર ઠેકડા મારવા લાગ્યું. એની રુવાંટીમાંથી અજવાળાના ચમકારા



ફૂટવા લાગ્યા. બચ્ચું ચાંદા ઉપર બેઠું હતું ત્યારે એની પૂરી રુવાંટીમાં ચાંદની ભરાઈ ગઈ હતી.


"મારું કોટ સાફ કરવાનું બ્રશ ક્યાં હશે!" ડૉક્ટર બોલી ઊઠયો.

એણે બ્રશ ગોતી કાઢ્યું અને બિલાડીના બચ્ચાને છાપા ઉપર ઊભું રાખીને એની રુવાંટી ઘસીને સાફ કરી નાખી. બધી ચાંદની છાપામાં ભેગી થઈ ગઈ. પછી એણે એ ચાંદની એક ગ્લાસમાં ભરી લીધી અને ગ્લાસ ટૅબલ ઉપર મૂક્યો.

"અત્યારે તો આટલા અજવાળાથી કામ ચાલશે, અને કાલે હું બીજી બત્તી ખરીદી લાવીશ," એણે મનમાં વિચાર્યું.

પછી ડૉક્ટર છાપું વાંચવા લાગ્યો.

બચ્ચું ભોંય પર પડયું પડયું પોતાની જ પૂંછડી પકડવાની રમત રમવા લાગ્યું.





જાણે ચાંદનીની સાંકડી કેડી બગીચાને, ચક્કીને, અને ખેતરને પાર કરતી પથરાયેલી હતી. બચ્ચું દોડતું પાછું આવ્યું ત્યારે આખે રસ્તે એની રુવાંટીમાંથી ચાંદની ખરતી રહેલી અને એથી જાણે અજવાળાની કેડી બની ગયેલી.



